Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

‘વેદના’ અને ‘સંવેદના’
બન્ને એક જ
કાયાના હિસ્સા છે...
એક શરીરને દુઃખાવે..
અને એક લાગણીને...

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 267 ● 1st December 2025 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ.

આપ સૌનું નવુ વર્ષ સુખદાયી, સ્વસ્થ અને સુઘડ રહે તેવી શુભ કામનાઓ.

આપણા મંડળ દ્વારા પ્રકાશિત થતા “પરિવાર પત્રિકા” માસિક થી વંચીત રહેતા ભારત ભરમાં વસતા જ્ઞાતિજનોને અંક મોકલવાની યોજના અમલમાં છે. જેનો નકરો રૂા. ૨૧૦૦૦.૦૦ રાખેલ છે. ગત વર્ષે આ યોજનાનો લાભ સ્વ. શશીકાંત પોપટલાલ ગાંધી (મોઢેરા-અમદાવાદ)ની સ્મૃતિમાં તેમની સુપુત્રિ શ્રીમતિ અલકાબેન હિતેશભાઈ ગાંધી (સમોડા-અમદાવાદ) એ લીધો હતો. જેની મુદત ડિસેમ્બર-૨૦૨૫ સુધીની છે. આ લાભ લેવા બદલ જ્ઞાતિમંડળ અંતઃકરણ પૂર્વક આભાર માને છે. હવે જાન્યુઆરી ૨૦૨૬ થી (વાર્ષિક) યોજના આવકાર્ય છે. જેની વિનંતી ઓકટોબર ૨૦૨૫ના પરિવાર પત્રિકામાં કરવામાં આવેલ. જેની મુદત ૧૫-૧૧-૨૦૨૫ હતી. મુદત પુરી થતાં, આવેલ વિનંતી શ્રી કેતનભાઈ અને કેયુરભાઈ શશીકાંતભાઈ શાહ (લુણવા/મંડાલી-મુંબઈ) આવેલ જેનો સ્વીકાર કરતાં આ ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે. જેની મુદત જાન્યુઆરી ૨૦૨૬ થી ડિસેમ્બર ૨૦૨૬ ની છે. આ દાતાશ્રીનો જ્ઞાતિમંડળ લાભ લેવા બદલ આભાર વ્યકત કરે છે.

અમદાવાદ મંડળની વાર્ષિક સામાન્ય સભા તા.૧૬-૧૧-૨૦૨૫ને રવિવાર જ્ઞાતિ મંડળના હોલ ઉપર સવારે ૧૦-૦૦ વાગે ખુશનુમા વાતાવરણમાં મળેલ હતી. માનદ્ મંત્રી શ્રી ભાવેશભાઈ એમ. શાહે જ્ઞાતિબંધુઓને આવકાર આપી મિટીંગની શરૂઆત કરેલ. સૌ પ્રથમ તા.૨૪-૧૧-૨૦૨૪ થી આજ દિન સુધી જે જ્ઞાતિબંધુ આપણી વચ્ચે રહેલ નથી તેમની યાદમાં બે મિનીટ મૌન પાળવામાં આવ્યું. ત્યારબાદ એજન્ડા મુજબની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

તા.૨૪-૧૧-૨૦૨૪ની સામાન્ય સભાની કાર્યવાહી ઈન્ટ. ઓડીટર શ્રી ભરતભાઈ એમ. શાહે વાંચી સંભળાવી.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫નો ઓડીટેડ હિસાબ નવેમ્બર માસના પરિવાર પત્રિકામાં છાપવામાં આવેલ હતો. ઓડિટ રિપોર્ટ બાબતે જ્ઞાતિ સભ્ય તરફથી કોઈ પ્રશ્ન સાધારણ સભાની દસ (૧૦) દિવસ અગાઉ આવેલ નથી. જે હિસાબ પરિવાર પત્રિકામાં છાપવામાં આવેલ તે સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

જ્ઞાતિ મંડળના માન્ય બેન્કર્સ તરીકે (૧) કાલુપુર કો.ઓ. બેન્ક (વાસણા બ્રાંચ), (૨) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (વાસણા બ્રાન્ચ) તથા બેંક ઓફ બરોડા (વાસણા બ્રાન્ચ)ને ચાલુ રાખવામાં આવેલ છે તથા માન્ય ઓડિટર્સ તરીકે નૌતમભાઈ આર. વકીલ એન્ડ કાં.ને ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ. શ્રી શશીકાંતભાઈ પોપટલાલ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૩૦-૦૯-૧૯૪૪ - સ્વ.તા.૦૯-૦૨-૨૦૨૪

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને
સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**
પરિવાર તરફથી અમદાવાદ બહારના
ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા"
મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

અમદાવાદ જ્ઞાતિ મંડળમાં નવા દાખલ થનાર સભ્ય માટે દાખલ ફી રૂા.૫૦/- તથા આજીવન લવાજમ પેટે રૂા.૫૦૧/- હતા. તે તા.૦૧-૦૦૧-૨૦૨૬ થી દાખલ ફી રૂા.૧૦૦/- અને આજીવન લવાજમ પેટે રૂા.૧૦૦૦/- એમ કુલ મળી રૂા.૧૧૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

જ્ઞાતિ મંડળમાં જે દાતા તરફથી દાનનો પ્રવાહ વહે છે, જેમાં કાયમી ફંડમાં રૂા.૨૧૦૦૦/-ની રકમ આપનાર દાતાશ્રીનું નામ તક્તીમાં આપવામાં આવે છે. જે તા.૦૧-૦૧-૨૦૨૬ થી રૂા.૩૧૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાશ્રીનું નામ તક્તીમાં આપવામાં આવશે.

પરિવાર પત્રિકામાં કાયમી સૌજન્ય દાતા તરીકે રૂા.૧૫૦૦૦/- રકમ જે દાતા તરફથી આપવામાં આવે છે તેનું નામ પરિવાર પત્રિકામાં પ્રથમ પેજ ઉપર છાપવામાં આવે છે. જે તા.૦૧-૦૧-૨૦૨૬થી રૂા.૨૧૦૦૦/-નું દાન આપનાર દાતાશ્રીનું નામ પરિવાર પત્રિકામાં કાયમી સૌજન્ય દાતા તરીકે છાપવામાં આવશે.

રૂા.૫૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાશ્રીનો ફોટો સહ વિગત પરિવાર પત્રિકામાં છાપવામાં આવે છે. જે તા.૦૧-૦૧-૨૦૨૬ થી રૂા.૭૫૦૦/- કે તેથી વધુ રકમનું દાન કોઈ પણ સ્કીમમાં આપનાર દાતાશ્રીનું નામ ફોટો સહ વિગત પરિવાર પત્રિકામાં છાપવામાં આવશે. જે દાતા તરફથી રૂા.૧૫૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન આપે અને દાતાશ્રીની ઈચ્છા હશે તો સંયુક્ત ફોટો (બે વ્યક્તિ) સહ વિગત પરિવાર પત્રિકામાં છાપવામાં આવશે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ તરફથી દર માસના બીજા અને ચોથા ગુરુવારે બપોરે ૨-૩૦ થી ૪-૩૦ હોમિયોપેથીક સારવાર ડૉ.શ્વેતાબેન દ્વારા આપવામાં આવે છે. તો વધુમાં વધુ જ્ઞાતિબંધુ મંડળ તરફથી અપાતી સેવાનો લાભ લેવો જોઈએ.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત સોમવારથી શનિવાર સાંજે ૪-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પાઠશાળા ચાલે છે. તેમાં ધાર્મિક સૂત્રના શુધ્ધિકરણ સાથે ધાર્મિક જ્ઞાન સાહેબ દ્વારા શિખવવામાં આવે છે જેનો વધુમાં વધુ જ્ઞાતિબંધુઓએ લાભ લેવો જોઈએ.

શ્રી ભાવેશભાઈ એમ શાહ-મંત્રી - શ્રી રમેશભાઈ સી શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

તા.૦૬-૧૧-૨૦૨૫ ના રોજ મહિલા મંડળ તરફથી દિવાળી ગેટ-ટુ-ગેધર નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. લગભગ મહિલા મંડળના ૧૦૦ જેટલા મેમ્બર્સ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સૌ પ્રથમ આવેલ તમામ બહેનોની આભાર વિધિ પ્રમુખશ્રી દેવલબહેન એ કરી હતી. ત્યારબાદ ગેમ્સ રમાડવામાં આવી અને ત્યારબાદ હાઉસી રમાડવામાં આવી. ત્યારબાદ મંડળ તરફથી અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધાએ મળીને ખૂબ જ મજા કરી.

સોનલબેન શાહ-મંત્રી • પીંકીબેન શાહ-સહમંત્રી



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
(ગાંભુ-હાલ:પૂના)
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❁ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

તમે જેટલું ભોગવો છો ...
એટલું જ તમારું છે ...
તમે જેટલું ભેગું કરો છો ...
એ બધું તો બીજાનું થઈ જવાનું.

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

॥ શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ ॥

# હાર્દિક અભિનંદન






ગાંભુ નિવાસી હાલ : અમદાવાદ

**બીજલબેન** તથા **સચીનભાઈ** ના

સુપુત્ર

ચિ. **મીત** એ

ભારતની પ્રતિષ્ઠીત એવી

**(National Institute of Pharmaceutical Education & Research (NIPER) S.A.S. Nagar** (મોહાલી)

માંથી **Master of Pharmacy in Clinical Research (M. Pharm)**

ની પદવી **9.46** (C.G.P.A.) થી પ્રાપ્ત કરેલ છે. તેની આ સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન

ચિ. **મીત**



ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ કરી કુટુંબ તથા સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા.



## શુભેચ્છક

**સ્વ. શાંતાબેન અંબાલાલ લક્ષ્મીચંદ શાહ પરિવાર**

સચીનભાઈ અંબાલાલ શાહ મો.: ૯૭૩૭૨૯૯૭૫૮
બીજલ સચીનભાઈ શાહ મો.: ૮૦૦૦૫૫૧૭૫૮
મીત સચીનભાઈ શાહ મો.: ૯૮૯૮૯૫૮૬૬૬
આંચલ સચીનભાઈ શાહ

### બેન

સ્વ. રીટાબેન જયંતિલાલ શાહ (ખરોડ)
શોભનાબેન બિપીનચંદ્ર શાહ (ઉનાવા)
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી (સમોડા)
સ્વ. ચંદ્રિકાબેન સુરેશભાઈ ગાંધી (સમોડા)
હીનાબેન નિતીનભાઈ શાહ (દાસજ)
પન્નાબેન રાજેશભાઈ શાહ (ઉંઢાઈ)

### ભાઈ

સ્વ. નવીનચંદ્ર અંબાલાલ શાહ
સ્વ. પ્રવીણચંદ્ર અંબાલાલ શાહ
પંકજભાઈ અંબાલાલ શાહ
નીશાબેન પંકજભાઈ શાહ
પ્રથમેશ પંકજભાઈ શાહ

### દેણપ

ઉષાબેન ગુણવંતલાલ શાહ (નાના-નાની)
પરેશભાઈ ગુણવંતલાલ શાહ (મામા)
ભૂમિકાબેન યોગેશભાઈ શાહ (મામી-મામા)
(રૂત્વીકા, રીયાન)

રહેઠાણ : B/5, નાગનાથ એપાર્ટમેન્ટ, દક્ષિણી સોસાયટી, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

## નિંદાનો ત્યાગ કરો:

સંપાદકિય લેખ

# ખુશામત નહિ, ગુણની પ્રશંસા કરો :

જ્યારે ક્રોધ કરો છો ત્યારે તમારું જ બૂરું કરો છો. સામે નિમિત્ત ગમે તે હોય પણ ક્રોધ કરવામાં ભૂલ તમારી છે. વિશ્વામિત્રનો તપો-ભંગ થયો તેમાં દોષ, મેનકાનો નહિ, વિશ્વામિત્રનો જ ગણાય. એક ભાઈએ ચા ન પીવાની બાધા લીધી હતી. મહેમાન આવ્યા તેમણે આગ્રહ કર્યો અને પેલાએ ચા પીધી તેમાં મહેમાનનો દોષ નથી, પીનારનો છે, રાજા પરિક્ષીતને ખબર હતી કે હવે માત્ર સાત જ દિવસ જીવવાનું છે. એ સાત દિવસ તે એવા તો જાગીને જીવ્યા કે સાતમે દિવસે તેમને મોક્ષ મળ્યો. આમ, જીવ ધારે તે ક્ષણથી જ જાગૃત બનીને પોતાનું જીવન સુધારી શકે છે. જો કે મોટે ભાગે તો ભક્ત અખો કહે છે  તેમ 'તિલક કરતાં ત્રેપન વહ્યાં જપ માળાના નાકા ગયા' જેવું જ થાય છે. છ શત્રુઓ ઉપર વિજય મેળવતાં પહેલાં વિષયો ઉપર વૈરાગ્ય કેળવવો જરૂરી છે. વૈરાગ્ય એટલે શું? યુવાન ઉંમર, સ્વસ્થ શરીર, બળવાન ઈન્દ્રિયો, જાગૃત મન, તીવ્ર બુદ્ધિ હોય, સાથે પૂરતું ધન હોય, સામે ઢગલાબંધ વિષયો હોય, તે ભોગવવાની પૂરેપૂરી સ્વતંત્રતા હોય છતાં  તેમાં સુખ છે તેવી બુદ્ધિ ટળી ગઈ હોય તે અવસ્થાને 'વૈરાગ્ય' કહે છે. વૈરાગ્ય કેળવતા પહેલાં સંતાનો, શિષ્ટ પુરુષોના ગુણાનુવાદ ગાવા. તેની સાથે 'સર્વત્ર નિદાસંત્યાગો' એ સૂત્ર અમલમાં મૂકવું એટલે કે કોઈની પણ નિંદા કરવી નહિ. તેની સાથે જ 'સર્વત્ર ગુણાનુરાગ' એટલે કે ગુણનો અનુરાગ કેળવવો. જે વ્યક્તિ, પદાર્થ કે પ્રાણીમાં એકાદ ગુણ ખીલ્યો હોય તેનો અનુરાગ કરવો. તેને પરિણામે નિંદાનો ત્યાગ તો થાય જ. સાથે સાથે સદ્‌ગુણ પ્રાપ્ત કરવાની વૃત્તિ પ્રબળ થાય.



ગુણો તરફ રાગ થાય તે ધર્મની શરૂઆત સમજવી. કોઈની વાડી, બંગલો કે જણસ જોઈને જેવો રાગ થાય તેવો રાગ કોઈનો ગુણ જોઈને થવો જોઈએ, બીજાનો ગુણ જોઈ તેની પ્રશંસા કરો તે ગુણાનુરાગ અને ગુણાનુવાદ કહેવાય પણ ગુણ ન હોય છતાં પ્રશંસા કરો તે ખુશામત કહેવાય. વિદાય થતા અમલદાર માટે કહેતાં હોય છે કે તમારા જેવો કોઈ આવ્યો નથી અને આવશે પણ નહિ, તો આવનાર અમલદારને કહે છે કે તમારા જેવા ઉત્તમ ગુણવાળા તો અત્યાર સુધીમાં પહેલાં જ આવ્યા છે. આવી ખુશામત ન કરો પણ નાનકડો પણ ગુણ ખીલેલો જુઓ તો તેની પ્રશંસા અવશ્ય કરો. ભલે તે વ્યક્તિ ગમે  તેટલી નાની હોય, કોઈ પણ કોમની કે નિમ્ન પદવીની હોય, તેના ગુણને જુઓ, તે ગુણને ગ્રહણ કરો. તે વ્યક્તિ પ્રત્યે સદ્‌ભાવ કેળવો. સદ્‌ભાવને વાણીમાં ઉતારવાની પ્રક્રિયાને પ્રશંસા કહે છે.

બકુભાઈ સી. ગાંધી (સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. શાહ (કમાણા)-સહ સંપાદક

# બદલાયેલા સરનામા

### અમદાવાદ

**દક્ષેશ અશ્વિનકુમાર શાહ................................(ભાલક)**
ડી/૬૦૩, શ્રી સદન-૧૭, ભોલેનાથ ફાસ્ટફુડની સામે, રાજયશ સીટી, ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૮૧૪૧૮૧૭૧૦૦

### આજીવન સભ્યપદ-અમદાવાદ

**પર્વ સમીર શાહ....................................(ભાલક)**
૬૦, અંકુર ફ્લેટ, નારાયણ નગર, શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૦૮૧૨૨૧૮૮૭

**સાહીલ કુણાલકુમાર શાહ.......................(બોકરવાડા)**
૧૩/૧૫૫, નવરંગ ફ્લેટ, ભીડભંજન હનુમાન મંદિર પાસે, બાપુનગર-૩૮૦૦૨૪. મો.: ૯૫૧૨૪૧૩૦૪૫

**નિશીત વિજય ભાઈલાલભાઈ શાહ..............(દેલોલી)**
ઈ-૧૩, સર્દુલ એપાર્ટમેન્ટ, શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૫૩૭૫૦૦૦૯૫

**કુશલ નયનકુમાર શાહ...............................(ભાલક)**
ડી-૨૦૨, સિધ્ધશિલા એપાર્ટમેન્ટ, એક્તા ટાવર પાસે, વાસણા બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૪૨૬૩૧૦૧૬૮

**રીષભ સંદિપભાઈ શાહ..........................(બોકરવાડા)**
એ-૨૦૧, શ્રી પાર્શ્વ એનેક્સી, સંજીવની હોસ્પિટલની બાજુમાં, જૈનનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૭૮૭૪૪૨૨૪૩૫


# પરિવાર પત્રિકા

### જાહેરાતના ભાવ

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)....................................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)........................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ.........................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ.......................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ..........................................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm......................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત...................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત...................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 • IFSC : SBIN0002684

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**સોનલબેન પંકજકુમાર શાહ**
ગામ : રણુંજ- મુંબઈ
મોબાઈલ : +૯૧ ૯૮૬૯૭૬૮૮૫૨
જન્મ તારીખ : ૧ લી ડિસેમ્બર



**વિશ્વ સંજયકુમાર શાહ**
ગામ : પીંઢારપુરા - અમદાવાદ
મોબાઈલ : + ૯૧ ૬૬૯ ૨૫૧ - ૮૭૫૫
જન્મ તારીખ : ૩ ડીસેમ્બર



**ચિંતન પંકજકુમાર શાહ**
ગામ : રણુંજ- મુંબઈ
મોબાઈલ : +૯૧ ૯૮૬૯૭૬૮૮૫૨
જન્મ તારીખ : ૫ મી ડિસેમ્બર



**વિહાન નિહારભાઈ શાહ**
ગામ : પીંઢારપુરા - અમદાવાદ
મોબાઈલ : ૮૯૮૦૪ ૪૮૮૩૩
જન્મ તારીખ : ૫ ડીસેમ્બર



**આશાબેન હીતેશકુમાર શાહ**
ગામ : ભાલક- અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૪૦૮૮૭૨૧૩૦
જન્મ તારીખ : ૧૦ મી ડિસેમ્બર



**સાન્વી અમનકુમાર શાહ**
ગામ : દેણપ- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૯૮૦ ૧૭૩૩૭
જન્મ તારીખ : ૧૦ મી ડિસેમ્બર



**ભુમિકા વત્સલકુમાર શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૮૬ ૩૨૯૫૫
જન્મ તારીખ : ૨૧ મી ડિસેમ્બર



**પ્રભવ વત્સલકુમાર શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૫૮૬૯૭૨૮૯૬
જન્મ તારીખ : ૨૨ મી ડિસેમ્બર



**બેલા વિજયકુમાર શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૬૬૩૨૮૯૬
જન્મ તારીખ : ૨૫ મી ડિસેમ્બર



**પ્રતિક વિજયકુમાર શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૭૭૦૨૮૯૬
જન્મ તારીખ : ૩૦ મી ડિસેમ્બર

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**સોનલબેન પંકજકુમાર શાહ**
**અને**
**પંકજકુમાર બાબુલાલ શાહ**
લગ્ન તારીખ : ૧૨ મી ડિસેમ્બર

મોબાઈલ : +૯૧ ૯૮૬૯૭૬૮૮૫૨, +૯૧ ૭૭૩૮૬૬૨૧૫૯
ગામ : રણુંજ- મુંબઈ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**કુંદાબેન તનેશકુમાર શાહ**
**અને**
**તનેશકુમાર ઉત્તમલાલ શાહ**
લગ્ન તારીખ : ૧૩ મી ડિસેમ્બર

મોબાઈલ : +૯૧૯૮૨૨૧૯૧૦૫૪, +૯૧૯૯૭૦૩૭૫૪૭૫
ગામ : મણુંદ- પુના

# લગ્ન જીવનમાં ૫૦ વર્ષનો અનોખો ઉત્સવ એટલે...
# રંજન કીર્તિ સુવર્ણ મહોત્સવ

## ખુબ જ ગૌરવ સહ અભિનંદન સહ ખુબ ખુબ અનુમોદના.

**ખુબ જ પુણ્યાનું બંધી હોય... અત્યંત પુણ્ય ઉપાર્જન થયું હોય...**
**પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય... પ્રભુ પ્રત્યે અસીમ આસ્થા હોય...**
**ત્યારે...**
**ફળ સ્વરૂપે આવા સંતાનો અને લક્ષ્મી સ્વરૂપે પુત્રવધુ પરિવારની શોભા બને છે...!**

જય જિનેન્દ્ર

આજના આ જંક કલ્ચરમાં જયારે યુવા વર્ગ ફક્ત રેસ્ટોરન્ટ અથવા રીસોર્ટમાં માત્ર કેક કાપીને ઉજવણી કરવામાં માનતી હોય ત્યારે...

અમારા ભાણેજ ચિ.ચિરાગભાઈએ તેમના પિતાશ્રી કિર્તિકુમાર રતિલાલ શાહ (ધીણોજ-સુરત) અને માતુશ્રી રંજનબેન કિર્તિકુમાર શાહના લગ્ન જીવનની સુવર્ણ જયંતિ ઉજવણી કંઈક વિશિષ્ટ રીતે ઉજવીને એક મહોત્સવ સ્વરૂપ આપી ભવ્ય ઉજવણી કરીને સમાજને પણ ઉચ્ચ કોટીનું ઉદાહરણ પુરૂ પાડેલ છે.

આ પ્રસંગને અનન્ય બનાવવામાં પુત્રરત્ન ચિ.ચિરાગભાઈ તથા તેમનાં ધર્મપત્ની મેઘાબેનની સાથો સાથ સુપુત્રી વૈશાલીબેન અને જમાઈ શ્રી વિશાલભાઈનો ફાળો પણ અવર્ણીય રહ્યો છે.

તેમના સુપુત્રો જીત અને દ્વિપ એ પણ આ પ્રસંગમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી ટ્રેન, બસ અને રૂમ એલોટમેન્ટને શક્ય હોય તેટલો સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ અદ્‌ભૂત વ્યવસ્થા અને તેના માટેના પ્રયત્નો માટે ભુરી ભુરી અનુમોદના સહ અભિનંદન...!

આમ તો સમગ્ર પ્રસંગનું શબ્દોમાં વર્ણન કરવું ખુબ જ મુશ્કેલ છે.

પરંતુ મારા શબ્દોને વાચા આપવાની તક મળી છે ત્યારે જણાવવાનું મન થાય છે કે, આ મહોત્સવ સ્વરૂપ પાંચ પાંચ દિવસના યાત્રા પ્રવાસ દરમિયાન આખા કુટુંબના દરેક વ્યક્તિના હસતા ચહેરા અને મદદ માટે સદાય તત્પર એવા વૈશાલીબેનના સુપુત્ર કલશ ખરેખર ધન્યવાદને પાત્ર છે અને સદાય યાદ રહેશે.

સૌ પ્રથમ તો વોટ્સએપના જમાનામાં વિશિષ્ટ અષ્ટ મંગલ કરે આત્મ મંગલ એવી જાજરમાન આમંત્રણ પત્રિકા તૈયાર કરાવી, માંગલિક પ્રસંગ મુજબ પત્રિકા લેખનનું આયોજન કરી, દરેક આમંત્રિતોના અમદાવાદ, બરોડા, ભાવનગર, મુંબઈ, પુના અને અકોલા ખાતેના ઘરે જઈ બહુમાન પૂર્વક આમંત્રણ આપ્યું.

આમંત્રણ પત્રિકાની સાથે પુજાની જોડ , શ્રાવિકાઓ માટે સાડી અને ચણીયાચોળી સાથે ઉચ્ચ કોટીના દ્રવ્ય સહિતની પૂજા સામગ્રી તથા યાત્રા પ્રવાસ દરમિયાન જરૂરી એવી વસ્તુઓની કીટ બનાવી એડવાન્સમાં આપી હતી.

### પ્રવાસની આછેરી ઝલક...

પ્રવાસની શરૂઆત થઈ વિ.સં.૨૦૮૨ના કારતક વદ બીજ, શુક્રવાર ને તા.૦૭-૧૧-૨૦૨૫ના રોજ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસમાં મુંબઈ, બોરીવલી, સુરત, બરોડા અને અમદાવાદથી સર્વે સ્નેહીજનો પ્રવાસમાં જોડાયા અને પ્રવાસનો આરંભ થયો.

તા.૦૮-૧૧-૨૦૨૫ના રોજ સવારના ૫-૦૦ વાગે જુનાગઢ પહોંચ્યા એટલે યાત્રિકોનું ઢોલ-શરણાઈ સાથે કંકુ તિલક અને માળા પહેરાવી સુંદર સ્વાગત કરવામાં આવ્યું.

વાજતે ગાજતે શ્રી ગીરનાર તિર્થની જાત્રાનો આરંભ થયો. દાદા નેમીનાથનો પ્રક્ષાલ તથા કેસર પુજાનો લાભ પણ યાત્રિકો પૈકીનાએ લીધો હતો. ૧૧ મહિનાની નાની સીયા થી માંડીને ૭૪ વર્ષના રાજેન્દ્રભાઈ રતિલાલ શાહે ભાવપૂર્ણ રીતે કરેલ જાત્રાની ખુબ ખુબ અનુમોદના.

દિવસ દરમિયાન કચ્છી ભવન ધર્મશાળામાં નવકારશી, સ્વરૂચિ ભોજન અને એક બીજાને પ્રેમપૂર્વક મળી સાંજના

સાસણગીરના "ધી ગીર ગેટ વે રીસોર્ટ" તરફ પ્રયાણ....

રીસોર્ટ ખાતે કાઠીયાવાડી ઢબના આવકાર સાથે કાઠીયાવાડી સ્વાદિષ્ટ ભોજન સાથે "રંજન કિર્તી" સોંગનું વિમોચન કરી સ્નેહ મિલન સાથે ચિ. પ્રતના ૧૮માં વર્ષ પુર્ણતાની કેક કટીંગ કાર્યક્રમ રાખી અને પછી પંરપરાગત આદિવાસી સાંસ્કૃતિક નૃત્ય સાથે આનંદમય વાતાવરણમાં ખવાયેલ મીક્ષ ભજીયાં અને મેગી યાદગાર બની રહેશે...!

તા.૦૯-૧૧-૨૦૨૫ના રોજ સવારના બ્રેક ફાસ્ટ કરીને અગાઉથી થયેલ બુકીંગ મુજબ ઓપન જીપમાં સિંહ દર્શન અને સિંહ સદનમાં પહોંચીને ખુબ જ રસપૂર્વક પ્રાણીઓને નિહાળી જંગલનો અદમ્ય અનુભવ લીધો હતો.

ત્યારબાદ ઉદયન મંત્રીએ બંધાવેલ પ્રભાસ પાટણ (સોમનાથ) ખાતેના દેરાસરમાં પંચકલ્યાણક પુજા ભણાવતી વખતે ભક્તિ ગીતોની રમઝટ બોલાવી હતી.

ચિ. ચિરાગકુમાર સહીત પરિવારજનોએ સર્વેને ભાવપૂર્વક, આગ્રહપૂર્વક પ્રિતિ ભોજન કરાવેલ.

ત્યારબાદ સોમનાથ દર્શન કે જેમાં ગીતા મંદિર, ત્રિવેણી સંગમ અને બાર જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના દર્શન કરી અમુલ્ય અવિસ્મરણીય યાદો સાથે દ્વારકા તરફ પ્રયાણ કરેલ.

તા.૧૦-૧૧-૨૦૨૫ના રોજ નેમીજીન ધર્મશાળામાં નવકારશી કરી રાજા નેમીનાથની નગરી દ્વારીકામાં ભગવાન નેમીનાથનો ભવ્યાતિભવ્ય પ્રક્ષાલ અને સેવા પુજાનો લાભ લીધો હતો. ત્યાં યોજાતી રથયાત્રા, વરયાત્રામાં સાજન માજન સાથે "પ્રદક્ષિણા" નો લાભ કુટુંબિજનોએ લીધો હતો.

ત્યારબાદ બેટ દ્વારકા બીચ, શિવરાજપુર બીચ પર બધાએ બોટીંગ સહીત બીચ પર હાઈ ટી સાથે ભરપુર આનંદ માણ્યો હતો.

રાત્રી ભોજન બાદ ટ્રેન મારફત દ્વારકાથી મહેસાણા તરફ પ્રયાણ કરેલ.

તા.૧૧-૧૧-૨૦૨૫ના રોજ મહેસાણા સીમંધર જૈન દેરાસર ખાતે દર્શન કરી ૧૦૮ પાર્શ્વનાથ તિર્થ પૈકીના ચમત્કારિક શ્રી ગંભીરા પાર્શ્વનાથ તિર્થ ગાંભુ ખાતે દર્શન લાભ લઈ માદરે વતન ધીણોજ જવા પ્રયાણ કરેલ.

**ધીણોજ એટલે માદરે વતન...**

સંપ્રતિ મહારાજાના સમયના પ્રગટ પ્રભાવી એવા શ્રી શીતલનાથ દાદા અને શ્રી અજીતનાથ દાદાના સથવારે અને કૃપાથી આ આયોજન થયેલ હોવાથી તથા વતન ખાતે ઋણ અદા કરવાની તક હોવાથી વિદેશી ફુલો અને પરંપરાગત કારીગરો દ્વારા આંગણાની સજાવટ કરી સોના-ચાંદીના વરખથી પ્રભુજીની આંગી રચના કરી સાજન માજન સાથે ગામના દેરાસરે પધારી ભવ્ય સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી.

ધીણોજ ગામમાં સંઘમાં પણ અનેરો ઉત્સાહ હતો. ગામમાં નૂતન ધર્મશાળા અને નૂતન આરાધના ભૂવન ઉદ્દઘાટનની આમંત્રણ પત્રિકા લેખન માટેનો લાભ આ પરિવારે લીધો હતો. લાભાર્થી પરિવારનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. પરિવારે પણ આ પ્રસંગે ઉચિત લાભ લીધો હતો.

સેવા-પૂજા તથા સ્વરૂચિ ભોજન પુર્ણ થયા બાદ ચિ.ચિરાગકુમારે માતા-પિતાનો ઋણ સ્વીકાર અને વડીલ વંદનાનો વિવેક સભર કાર્યક્રમ રાખ્યો હતો.

ત્યારબાદ સાંય ભોજન બાદ મહેસાણા થઈ ગરીબ રથ ટ્રેન મારફત સુરત તરફ પ્રયાણ કરેલ.

યાત્રા, પ્રવાસ, પૂજા તો અનેક થતા હોય છે. પરંતુ મારા ભાણેજ ચિ.ચિરાગકુમારે જે રીતે લગ્નના સુવર્ણ મહોત્સવની ધાર્મિક કાર્ય સાથે, આયોજનબધ્ધ રીતે ગોઠવ્યું તે બદલ એક મામા તરીકે મને ગૌરવ અને હર્ષની લાગણી થઈ.

લક્ષ્મીનો સદુપયોગ કઈ રીતે થાય તે ચિ.ચિરાગકુમારે અમોને શીખવ્યું....!

આ પરિવારની દિલાવરી અને સત્કૃત્યો વિશે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે....!

આ પરિવારે લક્ષ્મીનો સદુપયોગ કરી ઉચ્ચ કોટીનું ભવોભવનું પુણ્યનું ભાથું બાંધ્યું છે...!

મારા બહેન અને બનેવી નસીબદાર છે કે, તેમની બન્નેની જીવનભરની તપસ્યાના ફળ સ્વરૂપે અને અલૌકિક પુણ્યના પ્રતાપે આવા સંતાનોના માતા-પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે...!

છેલ્લે....!

આવા સુંદર પ્રવાસ-યાત્રા આયોજન બદલ સમગ્ર પરિવારને હ્રદયપૂર્વક ખુબ ખુબ અભિનંદન સહ ભુરી ભુરી અનુમોદના.

લિ.

**પ્રમોદભાઈ દલસુખભાઈ શાહ પરિવાર**

**(ખરોડ-અમદાવાદ)**

**ના જય જિનેન્દ્ર**



જીજ્ઞાસા વિરુધ્ધ કંઈપણ લખાયું હોય તો

ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

# લગ્ન જીવનના સુવર્ણ મહોત્સવ પ્રસંગની ઉજવણીની આછેરી ઝલક...



















# લગ્ન જીવનના સુવર્ણ મહોત્સવ પ્રસંગની ઉજવણીની આછેરી ઝલક...














## સાધાર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧,૦૦૦/-**



સ્વ.સૂર્યકાન્ત કેશવલાલ શાહ
(ઉનાવા-હાલ:અમદાવાદ)

પરમાત્માએ આપ્યું છે તો સન્માર્ગે કેમ ન વાપરવું? આવી ઉમદા ભાવના સેવનાર સ્વ.સૂર્યકાન્ત કેશવલાલ શાહ (ઉનાવા–હાલ:અમદાવાદ) ના સુપુત્રી સાધનાબેને અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે અત્રે રૂા.૨૧,૦૦૦/–નું દાન આપીને તેમના સ્વ.પિતાશ્રીની દાનની પરંપરા સુપેરે જાળવી રાખી છે. તેમના તરફથી દર વર્ષે બે–ત્રણ વાર સાધર્મિક સહાય ક્ષેત્રે દાન મળતું જ રહે છે. આર્થિક સંકડામણવાળા કોઈ સાધર્મિક કુટુંબને યથાશક્તિ ટેકો થાય તો તેના જેવું કોઈ પુણ્યકાર્ય નથી તેવું માનનાર સાધનાબેન અન્યત્ર પણ ખાદ્યસામગ્રીની કીટનું દાન કરતા રહે છે. આ દિકરીએ તેમના કુળનું ગૌરવ વધાર્યું છે. જ્ઞાતિમંડળ તેમની આ શુભ લાગણીને બિરદાવી ધન્યવાદ પાઠવે છે અને આભાર માને છે.

---

**રૂા.૨૧,૦૦૦/-**



મંજુલાબેન સી. શાહ
(ઉનાવા-રાજકોટ)

સાધાર્મિક બંધુને જોઈને
જેના હૈયે હેત છલકાય
તે સાચો જૈન કહેવાય...

સંસારમાં ક્યાંક મહિમાવંતી માતૃભક્તિ જોવા મળે છે તો ક્યાંક પ્રેરક પિતૃભક્તિ જોવા મળે છે.


સદ્‌ગત શ્રી ચિનુભાઈ જે. શાહ (ઉનાવા–રાજકોટ) પ્રત્યેક સાધર્મિકને સ્વજન સમજતા હતા. કોઈને કોઈ પણ રીતે મદદ કરવાનો મોકો મળે તો તેને પરમાત્માની પ્રેરણા સમજીને મનોમન રાજી થતા. તેમના આ સ્વભાવ અને સત્કાર્યની પરંપરાને જીવંત રાખવા સ્વ.ચિનુભાઈના પરિવારજનો – સુપુત્રો : શ્રી કૌશિકભાઈ, સ્વ.ધર્મેન્દ્રભાઈ, શ્રી કલ્પેશભાઈ તથા પુત્રવધુઓ : શિલ્પાબેન, ગીતાબેન, સુકેશીબેન તેમજ સુપુત્રીઓ : મનીષા, જીજ્ઞાસા તરફથી આપણા જ્ઞાતિમંડળના સાધાર્મિક વાત્સલ્યક્ષેત્રે ખાદ્યસામગ્રી પેટે રૂા.૨૧૦૦૦/–નું દાન પ્રાપ્ત થયેલ છે.

સંપત્તિની સાથે સાથે કુટુંબીજનોને સેવા અને સહયોગની મૂડી પ્રદાન કરી જનાર સ્વ.ચિનુભાઈના પરિવારજનોએ સમાજના સાધાર્મિકો માટે આ દાન આપીને તેમને યથાર્થ શ્રધ્ધાંજલિ આપી કહેવાય.

અમદાવાદ જ્ઞાતિમંડળ, પરમાત્મા સ્વ.ચિનુભાઈના આત્માને પરમશાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે. સાધાર્મિકજનો પ્રત્યેની તેમની શુભલાગણીની અનુમોદના કરીને તેમનો આભાર માને છે.

---

**રૂા.૫,૦૦૦/-**



સ્વ.શ્રી રસીકલાલ અમૃતલાલ શાહ
(ગામ: વડાવલી-હાલ:મુંબઈ)

કર્તવ્ય નીષ્ટાવાન સત્કર્મોથી જીવન ને શોભાવનાર સરળ અને શાંત સ્વભાવના મુંબઈ નિવાસી સ્વ શ્રી રસિકલાલ અમૃતલાલ શાહ (વડાવલી) ની પુણ્ય સ્મૃતિમાં ધર્મચારીની શ્રીમતી કંચનબેન રસિકલાલ શાહ તથા પરિવારજન તરફથી સમાજ પ્રત્યે ઋણ અદા કરવાની ભાવનાથી સેવાના કાર્યાર્થે સાધર્મિક ખાતે રૂા.૫૦૦૦/– પ્રાપ્ત થયેલ છે. મંડળ પરિવારની ભાવના ની ખુબ ખુબ અનુમોદના કરે છે અને આભાર વ્યક્ત કરે છે.

## શિક્ષણ સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧,૦૦૦/-**



ચિનુભાઈ જે. શાહ
(ઉનાવા-રાજકોટ)

માતા–પિતા પ્રત્યેનો આદર વ્યક્ત કરવાનો તેમજ તેમનું વાત્સલ્ય ઋણ આંશિક રીતે ચૂકવવાનો સોનેરી અવસર એક જ છે અને તે છે તેમના નામ સાથે જોડી શકાય તેવા સત્કાર્યો કરવા.

જીવનની દરેક સમસ્યાના ઉકેલની માસ્ટર–કી શિક્ષણ જ છે. જે સમાજમાં શિક્ષણની મૂલ્ય પ્રતિષ્ઠા થયેલી હોય તે સમાજની પ્રગતિ નિશ્ચિત છે. શિક્ષણ પ્રેમી દાતાશ્રીઓને કારણે જ સમાજ સતત વિકાસ કરી શકે છે.


આવી ઉમદા ભાવનાથી પ્રેરાઈને સ્વ.ચિનુભાઈ જે. શાહ (ઉનાવા–રાજકોટ) ના પરિવાર જનો : શ્રી કૌશિકભાઈ, સ્વ.ધર્મેન્દ્રભાઈ, શ્રી કલ્પેશભાઈ તથા પુત્રવધૂઓ : શિલ્પાબેન, ગીતાબેન, સુકેશીબેન તેમજ સુપુત્રીઓ : મનીષા, જીજ્ઞાસા તરફથી આપણા જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન મળેલ છે.

સ્વ.ચિનુભાઈનો પાટણની બી. ડી. હાઈસ્કૂલ બોર્ડીંગમાં સર્વાંગી વિકાસ થયેલો તેમણે સંતાનોને શિક્ષણની સાથે સાથે સંસ્કારો અને સેવાનું સિંચન કરેલું.

જ્ઞાતિના વિદ્યાર્થીઓ શિક્ષણ પામી ઉજ્જવળ કારકિર્દી બનાવે તે હેતુથી તેમણે આપેલા દાન અને તેમની સદ્‌ભાવનાને અમદાવાદ જ્ઞાતિમંડળ બિરદાવે છે અને આભાર વ્યક્ત કરે છે.

---

**રૂા.૧૧,૧૧૧/-**



ચિ.વિહાન નૈતિકકુમાર શેઠ
(હાલ: અમેરિકા)

**શિક્ષણ વિના વ્યક્તિ કે
સમાજનો વિકાસ અધુરો છે.**

માતુશ્રી દર્શિતાબેન તથા પિતાશ્રી નૈતિકકુમાર શેઠ (હાલ અમેરિકા) તરફથી તેમના સુપુત્રશ્રી ચિ.વિહાનનાં નવમાં (૯) જન્મદિવસ પ્રસંગે આપણા મંડળને સમાજની વિદ્યાર્થીનીને શિક્ષા સહાય હેતુથી શૈક્ષણિક સહાય ક્ષેત્રે રૂા.૧૧,૧૧૧/– (અગીયાર હજાર એક્સો અગીયાર) નું દાન આપેલ છે.

સોનલબેન નયનભાઈ શાહ (તરભ–અમદાવાદ) ના દર્શિતાબેન સુપુત્રી છે અને નૈતિકકુમાર જમાઈ છે. હાલ તેઓ અમેરિકા સ્થાયી થયેલ છે. ચિ.વિહાનના જન્મદિવસ પ્રસંગે કહેવાનું મન થાય છે કે...

"અંતરના કોડિયાને સ્નેહથી દિપાવજો,
હૈયે હરખના તોરણ સજાવજો.
આંગણે આવકારની રંગોળી રચાવજો...
જન્મ દિવસ દિલથી મનાવજો...
જીવનના તમામ સ્વપ્નને સાકાર કરી બતાવજો."

અંતરની અભિલાષા એજ છે.
અમો દાતાશ્રીની અમારા સમાજ પ્રત્યેની સદ્‌ભાવનાને બિરદાવીએ છીએ અને ચિ.વિહાનની ઉજ્જવળ કારકીર્દીની શુભેચ્છા પાઠવીએ છીએ.

## સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૫,૧૦૧/-**



નીતીનભાઈ રિખવભાઈ શાહ
(રણુંજ, હાલ:અમદાવાદ)

રણુંજના મુળવતની જાણીતા સાક્ષર શ્રી રિખવભાઈ પોપટલાલ શાહ, Ph.D. અને ધર્મ પારાયણ પ્રભાવતીબેનના પુત્ર એ ગ્રેજ્યુએશન કરી નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીમાં જોડાયેલ નોકરી સાથે M.Com.A.F.I.I., F.I.I.I. તથા ઈન્સ્યોરેન્સની ઉચ્ચતમ પરીક્ષાઓ અને કોર્ષીસ પાસ કરેલ. નીતીનભાઈએ 38+ વર્ષો કંપનીમાં વિવિધ સ્થળે દેશમાં અને દેશ બહાર સેવા આપી Regional Manager, Mumbai થી નિવૃત્તિ લીધેલ. અત્યારે અમદાવાદની પ્રતિષ્ઠિત કંપનીમાં Director તરીકે કાર્યરત છે.

તેમના ધર્મપત્ની ભાનુમતીબેન B.A.B.ed. છે. જૈનીઝમનો ડિપ્લોમા સાથે પાંચ પ્રતિક્રમણ,ત્રણે ઉપધાન, વર્ષીતપ, ૨૭ વર્ષથી રોહીણી તપસ્યા સાથે વર્ધમાન તપની ૨૫ ઓળી બીજી નાની મોટી તપસ્યા ચાલુ છે.

પુત્રી બ્રિન્દ્રાએ B.Sc.D.E.E. કરેલ છે. અત્યારે Brisbane, Australia માં Kenmore Hills Company માં Director છે. પતિ સચીન રાજેન્દ્રભાઈ (મોઢેરા), Hitachi Company માં Designe Engineer છે. બંને Brisbane Jain Sangh માં આગળ પડતા કાર્યકર છે.નાની પુત્રી પુર્વા M.Com ગૃહકાર્ય સાથે પતિ વિશ્રાંત F.C.A. ને વ્યાવસાયિક મદદ કરે છે. સમગ્ર પરિવાર આધ્યાત્મિક અને વ્યવસાયિક રૂપે સમાજની સેવામાં કાર્યરત છે.

સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિમંડળ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે. ને આવા શુભ કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ



ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ
જન્મ: [illegible] • સ્વ.: [illegible]

સદ્ગત શ્રી ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ (પીંઢારપુરા) અમદાવાદના આત્મશ્રેયાર્થે... સદ્ગતની સ્મૃતિમાં... આપના જ્ઞાતિમંડળ દ્વારા સાધાર્મિક પરિવારોને અપાતી જીવન જરૂરીયાતની ખાદ્ય સામગ્રી સાથે તેઓને મદદરૂપ થવાના હેતુથી દરેક કુટુંબને રૂા. ૩૦૦/-ની રકમ (શ્રીફળ સાથે) આપવામાં આવેલ છે. તેમના ધર્મપત્નિ સદ્ગત અ.સૌ. કુસુમબેન શ્રી ભાઈલાલભાઈના દરેક સત્કાર્યોમાં સહયોગ આપી પ્રેરકબળ પૂરૂં પાડતા હતા. પ્રભુ સદ્ગત બન્નેના આત્માને શાંતિ આપે તેવી જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે.




કુસુમબેન ભાઈલાલભાઈ શાહ
જન્મ: [illegible] • સ્વ.: [illegible]

સદ્ગત અ.સૌ. કુસુમબેન ભાઈલાલભાઈ શાહ (પીંઢારપુરા) અમદાવાદની સ્મૃતિમાં સદ્ગતના આત્મશ્રેયાર્થે આપણા અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા નિયમીત અપાતી જીવન જરૂરીયાતની ખાદ્ય સામગ્રીની સાથે આ પરિવારોને સહાયરૂપ થવાના હેતુથી દરેક પરિવારને રૂા. ૨૫૦/-ની રકમ આપવામાં આવી છે. સત્કાર્યોના દરેક કાર્યમાં તેમના જીવનસાથી શ્રી ભાઈલાલભાઈ હરહંમેશ ઉદારતાપૂર્વક સાથ સહકાર આપતા. સદ્ગત બન્નેની શાંતિ માટે જ્ઞાતિ મંડળ પ્રભુને પ્રાર્થના કરે છે.

## સાધાર્મિક વાત્સલ્ય અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૧૧,૦૦૦/-**



શ્રી મહેશભાઈ એમ. પટેલ
(ઢુંડાવ-અમદાવાદ)

શ્રીમતી ઉર્વશીબેન અને શ્રી મહેશભાઈ પટેલના સુપુત્ર રિપેનના શુભ લગ્ન શ્રીમતી અનિલાબેનના પુત્રવધુ સ્વીટી અને પુત્ર ઊર્મીશ ના સુપુત્રી ધ્રુવીના શુભ લગ્ન તા.૨૩-૧૧-૨૦૨૫ ના રોજ સંમ્પન્ન થયેલ છે આ લગ્ન પ્રસંગે સાધાર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂ.૧૧૦૦૦.૦૦ (અગિયાર હજાર) દાન આપેલ છે જેની ખુબ ખુબ આભારસહ અનુમોદના કરવામાં આવે છે

**રૂા.૧૧,૦૦૦/-**



શ્રી ઊર્મીશભાઈ એમ. શાહ
(સમોડા-અમદાવાદ)

શ્રીમતી અનિલાબેન શાહના પુત્રવધુ સ્વીટી અને પુત્ર ઊર્મીશની સુપુત્રી ધ્રુવીના શુભ લગ્ન શ્રીમતી ઉર્વશીબેન અને શ્રી મહેશભાઈ પટેલ ના સુપુત્ર રિપેન સાથે તા. ૨૩-૧૧-૨૦૨૫ ના રોજ સંમ્પન્ન થયેલ છે આ લગ્ન પ્રસંગે સાધાર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂ.૧૧૦૦૦.૦૦ (અગિયાર હજાર) દાન આપેલ છે જેની ખુબ ખુબ આભારસહ અનુમોદના કરવામાં આવે છે

**રૂા.૮,૦૦૦/-**



શાન્તાબેન નરોત્તમદાસ શાહ
(ઉનાવા - અમદાવાદ)

"મા" એટલે અમૃતની ધાર, "મા" એટલે પ્રેમની યુનિવર્સીટી
"મા" એટલે સુખનો સાગર માટે જ કહેવાય છે ને
"મા" ના ચરણોમાં સ્વર્ગ હોય છે.

ઉનાવાના વતની શ્રી રમેશભાઈ તેમજ તેમના મોટાભાઈ શ્રી કીર્તિભાઈ, અશ્વિનભાઈએ માતુશ્રી શાન્તાબેન નરોત્તમદાસ શાહના સ્મરણાર્થે મંડળ દ્વારા ચાલતી સાધાર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત ૪૦ પરિવારોને પ્રત્યેક પરિવાર દિઠ ૨૫૦ ગ્રામ બદામ આપી રૂા.૮૦૦૦/- નો આર્થિક સહયોગ આપેલ છે. આ પરિવાર દ્વારા મંડળને અવાર નવાર આર્થિક સહયોગ મળતો રહે છે. આ પરિવારનું મંડળમાં સેવાકીય યોગદાન પણ ખૂબ જ રહ્યું છે. રમેશભાઈના દાદાશ્રી ઉત્તમલાલ મંડળના સ્થાપક પૈકી એક અગ્રણી હતા. જ્યારે પિતાશ્રી નરોત્તમદાસ પૂર્વ પ્રમુખ હતા. જ્યારે કિર્તીભાઈએ માનદ્મંત્રી ઉપપ્રમુખ તરીકે અગાઉ સેવા આપેલ છે. જ્યારે શ્રી રમેશભાઈ છેલ્લા સાત વર્ષથી ટ્રસ્ટી તરીકે તેમજ હોમીયોપેથીક હીલીંગ સેન્ટરમાં સતત કાર્યરત છે. દાતાશ્રીની સાધાર્મિકો પ્રત્યેની સદ્ભાવનાને અમો બિરદાવીએ છીએ.


**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા**
**ફોટો સાથે**
**વિનામૂલ્યે પ્રગટ**
**કરવામાં આવશે.**





**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**

# અવસાન-શ્રધ્ધાંજલિ



**નવીનચંદ્ર સોમચંદ શાહ**
ગામ : તરભ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૯-૧૦-૨૦૨૫, રવિવાર



**કપિલાબેન રતિલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૦-૧૦-૨૦૨૫, ગુરુવાર



**રમીલાબેન નવનીતલાલ શાહ**
ગામ : બોરીયાવી
હાલ : સુરત
સ્વ. તા.૩૦-૧૦-૨૦૨૫, ગુરુવાર



**ભાઈલાલ પોપટલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : બોરીવલી (મુંબઈ)
સ્વ. તા.૦૩-૧૧-૨૦૨૫,સોમવાર



**મંજુલાબેન જયંતિલાલ શાહ**
ગામ : દાસજ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૦-૧૧-૨૦૨૫, સોમવાર



**રેખાબેન હસમુખભાઈ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૫-૧૧-૨૦૨૫, શનિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા

## ધાર્મિક સમાચાર

### વાલમ તીર્થ મુકામે તપસ્વી અનુમોદના અને સ્નેહ મિલન કાર્યક્રમ


શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાલીસ જ્ઞાતિ પરિવાર, મહેસાણા દ્વારા તારીખ ૧૬-૧૧-૨૦૨૫, રવિવારના રોજ તપસ્વી અનુમોદના અને સ્નેહ મિલન કાર્યક્ર્મનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાતના ગિરનાર સમા અને આપણા સૌના હૃદયસ્થ ૨૨મા તિર્થંકર શ્રી નેમિનાથ દાદાના ધામ વાલમ તીર્થ મુકામે આ કાર્યક્ર્મ યોજાયો હતો. આ દિવસે, સવારે નવકારશી બાદ મહેસાણા જ્ઞાતિ પરિવારના સભ્યોએ શ્રી નેમિનાથ દાદાના સાનિધ્યમાં સામુહિક સ્નાત્ર પૂજા અને શ્રી શક્રસ્તવ અભિષેકમાં ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. બપોરે સ્વરુચિ ભોજન બાદ યોજાયેલ તપસ્વી બહુમાન કાર્યક્ર્મમાં, સાતથી વધુ ઉપવાસ કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (બોરીયાવી)ના કુશળ માર્ગદર્શન હેઠળ, કારોબારી સમિતિના યુવા કાર્યકરોએ સમગ્ર કાર્યક્ર્મની વ્યવસ્થા ઉત્સાહભેર સંભાળી હતી. આયોજનની સફળતા બદલ સૌ સભ્યોએ સંતોષ વ્યકત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા ધાર્મિક કાર્યક્રમો નિયમિતપણે યોજતા રહેવાની લાગણી વ્યકત કરી હતી.

### ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે શ્રી શાલીભદ્ર શેઠની વરણીનો લાભ

શ્રી ઉપનગર જૈન સંઘ, મહેસાણા ખાતે શાસન કૌશલ્યાધાર પરમ પુજ્ય આચાર્ય ભગવંત શ્રી જયસુંદર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન પ.પુ.પં.ભ.શ્રી કરુણા દ્રષ્ટિ વિજયજી મ.સા તેમજ પુજ્ય સાધ્વીજી ભગવંત આદી ઠાણાનું ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે વિ. સં-૨૦૮૨ ના શાલીભદ્ર શેઠની વરણીનો લાભ શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (બોરીયાવી - મહેસાણા ) પરિવારને મળ્યો હતો. કારતક સુદ પુનમને બુધવાર તારીખ :- ૦૫-૧૧-૨૫ ના રોજ સવારે ૬-૪૫ કલાકે શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહના નિવાસસ્થાને સકળ સંઘે પધરામણી કરી શાલીભદ્ર શેઠ તરીકે હાર્દિક જીતેન્દ્રકુમાર શાહની વરણી કરવામાં આવી હતી. લાભાર્થી પરિવારની ભુરી ભુરી અનુમોદના.

**તકની ખાસિયત એ છે કે,**
**એ આવે એના કરતા જતી રહે,ત્યારે**
**વધુકિંમતી લાગે છે!**

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. અશોકભાઈ ચંદુલાલ શાહ (ગામ : બોકરવાડા)

**જન્મ તા. ૨૯-૭-૫૯ ● સ્વ. તા. ૨૪-૧૦-૨૫**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,
ક્ષમા તમારો ગુણ હતો, ધર્મ કદી ભૂલ્યા નહી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, તમારું હસતું મુખ અને મીઠો સ્વભાવ હંમેશા
અમારી યાદોમાં જીવંત રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

ભગવતીબેન બાબુલાલ વાડીલાલ શાહ (ભાલક)
પંકજકુમાર બાબુલાલ શાહ (ભાલક)
વસુબેન પંકજકુમાર શાહ

ભરતકુમાર રસીકલાલ શાહ (વિસનગર)
જ્યોતીબેન ભરતકુમાર શાહ

સ્વ. વિરેન્દ્રકુમાર બાબુલાલ શાહ (ગાંભુ)
ઈન્દુબેન વિરેન્દ્રકુમાર શાહ

## ભાવભીની શ્રધ્ધાંજલિ



# સ્વ.અશોકભાઈ ચંદુલાલ શાહ (ગામ : બોકરવાડા)

જન્મ તા.૨૯-૭-૫૯ ● સ્વ.તા.૨૪-૧૦-૨૫

ધર્મ કદી ભુલ્યા નહી, દુ:ખને દેખાડ્યું નહીં,
જીંદગી હતી નાની પણ માયા ખોટી લગાડી ગયા,
મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે.
એટલે જ તો મરણ કરતા સંસ્મરણ વધુ યાદગાર બને છે.
જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે, તમારી યાદો અમારા હૃદયમાં સદાય રહેશે.
પ્રભુ સદગતના આત્માને મોક્ષગામી બનાવે એવી અમારા અંતર મનથી પ્રભુને પ્રાર્થના

## કલ્પનાબેન અશોકભાઈ શાહ

| | |
|---|---|
| જયેન્દ્રભાઈ ચંદુલાલ શાહ | રીટાબેન જયેન્દ્રભાઈ શાહ |
| અર્પિત અશોકભાઈ શાહ | નૈની અર્પિત શાહ |
| રૂચીલ અશોકભાઈ શાહ | માનસી રૂચિલ શાહ |
| ચિરાગ જયેન્દ્રભાઈ શાહ | ખુશાલી ચિરાગ શાહ |
| નિર્મિત જયેન્દ્રભાઈ શાહ | ક્રીનલ નિર્મીત શાહ |
| દીપીકાબેન હર્ષદકુમાર શાહ | હર્ષદકુમાર મફતલાલ શાહ (ગાંભુ) |
| રીનાબેન વિક્રમકુમાર શાહ | વિક્રમકુમાર રોહિતભાઈ શાહ |

મોનિશ ● યાના ● સનાયા ● પલાશ ● માનુષ ● જીઆન ● હેતાંશી ● સ્વરીત

નિવાસ સ્થાન : જે/૩૦૨, શીલ્પશાલીગ્રામ સોસાયટી, આલ્ફામોલ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૨.

રૂચિલ : +૯૧ ૯૮૯૮૩૪૮૪૯૨

ફર્મ : ચંદુલાલ ડી. શાહ એન્ડ કંપની, પાનકોરનાકા, અમદાવાદ.

## કાન્તાબેન ચંદુલાલ ડાહ્યાલાલ શાહ પરિવાર

# શ્રધ્ધાસભર શ્રધ્ધાંજલિ



## સ્વ. ચિનુભાઈ જેશીંગલાલ શાહ

જન્મ તા. ૨૧-૦૨-૧૯૩૭ • સ્વ.તા. ૦૫-૧૦-૨૦૨૫ • આસો સુદ-૧૩

**ફૂંક મારીને દીવાને ઓલવી શકાય પણ અગરબત્તીને નહિ, જે સત્કાર્યોની સુવાસ ફેલાવે તેને કોઇ ઓલવી શકતું નથી.**

પિતા પોતાના પરિવાર, સંતાનોને પોતાની વેદના થાક જણાવતા નથી અને કેટલીકવાર રાત્રે જાગતા પડી રહે છે, જેથી પરિવાર શાંતિથી ઊંઘી શકે.

અમારા પિતાશ્રીએ રાજકોટમાં આવીને વ્યવસાય શરૂ કરીને ખૂબ મહેનત કરીને શૂન્યમાંથી સર્જન કરેલું ઈન્ડસ્ટ્રીમાં અગ્રસ્થાન મેળવ્યું. ધંધાનો વ્યાપ વધારીને ભાઈઓને ધંધામાં જોડ્યા. શ્રમજીવી સોસાયટીમાં જૈનોના માત્ર ૯ ઘર હતા ત્યારે ઘર દેરાસર શરૂ કરાવેલું જે અત્યારના શિખરબંધી દેરાસરમાં ૭૦૦ જૈનોનો સંઘ લાભ લે છે. વર્ષો સુધી જૈન સંઘમાં ટ્રસ્ટી રહીને સેવા આપેલી.

ઉમદા મળતાવડા, હસમુખા સ્વભાવને લીધે અડોશ-પડોશમાં અને રાજકોટના જૈન સમાજમાં લોકપ્રિય બન્યા.

ઝળહળતો સૂરજ અસ્ત થતાં અંધારું છવાઈ જાય છે તેમ પિતાજી સ્વર્ગસ્થ થતાં કુટુંબમાં જાણે અંધારુ છવાઈ ગયું. પિતાજી નાળિયેર જેવા હતા, બહારથી કઠોર પરંતુ અંદરથી મૃદુ લાગણીઓથી છલો છલ... તેમનું જીવન કવન અમારા માટે સદા પથદર્શક બન્યું.

અમારા કુટુંબની પ્રગતિના પગથિયાં ચણનાર, કુટુંબ વત્સલ, સત્કાર્યોમાં સદા સહયોગી, પ્રારબ્ધને બદલે પુરુષાર્થમાં માનનાર, અસાધારણ કોઠાસુઝ વાળા, વ્યવહારદક્ષ, કોઈપણ સમસ્યામાં માર્ગદર્શક, અમારા Friend, Philosopher, Guide અને Role Model, અનોખુ વ્યક્તિત્વ ધરાવનાર પૂજ્ય પિતાજીને અમારી પ્રેમભરી પુષ્પાંજલિ અને ભાવભીની ભાવાંજલિ. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર:શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ.

**પુત્ર**
કૌશિક ચિનુભાઈ શાહ
સ્વ. ધર્મેન્દ્ર ચિનુભાઈ શાહ
કલ્પેશ ચિનુભાઈ શાહ

**પુત્રવધુ**
શિલ્પા કૌશિકભાઈ શાહ
ગીતા ધર્મેન્દ્રભાઈ શાહ
સુકેશી કલ્પેશભાઈ શાહ

મનીષા સતીષકુમાર શાહ (પુત્રી)
જીજ્ઞાસા અતુલકુમાર શાહ (પુત્રી)

ધરા, અભિષેક, દ્રષ્ટિ, હાર્દિ, પાર્થ, યેશા, પ્રેક્ષા, ધનષ્વી ના દાદા
ઋત્વી, પૂજા, એક્તા, કેયુર ના નાના


**સમસ્ત શ્રી જેશીંગભાઈ કાળીદાસ શાહ પરિવાર (ઉનાવા)**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥

# ભાવસભર શ્રદ્ધાંજલિ



## સ્વ.ભાઈલાલભાઈ પોપટલાલ ગાંધી (ચક્ષુદાતા)

ગામ : મોટેરા • હાલ : મુંબઈ

જન્મ તા.૧૦-૧૨-૧૯૪૨ • સ્વ.તા.૦૩-૧૧-૨૦૨૫

નથી હયાત તમે પણ સાથે હોય એવુ લાગ્યા કરે છે. હર પળ હાજરી નો આભાસ થયા કરે છે.
ક્યારેક કેહવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે. યાદો મા તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
તમારું હસતું મુખ, મીઠો સ્વભાવ અને અનંત પ્રેમ હમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.
તમારી દરેક પળ અમૂલ્ય હતી અને રહશે.
આ જીવનમાં તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા તે અમારું માર્ગદર્શન બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ. પોપટલાલ મોહનલાલ ગાંધી પરિવાર**
**સ્વ. લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી**

સ્વ. શશીકાન્ત પોપટલાલ ગાંધી
સ્વ. કાન્તાબેન શશીકાન્ત ગાંધી

રમેશચંદ્ર પોપટલાલ ગાંધી
દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી

| | | | | |
|---|---|---|---|---|
| અતુલ - સંગીતા<br>દિપ - મિતવા<br>શનાયા | જયેશ - દિપીકા<br>રાજ - પાયલ<br>જય - પૂર્વી | મીતા - મનીષ<br>દ્રષ્ટિ - વિધી | ભદ્રેશ - હેમાલી<br>માનસી | અલકા - હિતેષ<br>સોનલ - વિપુલ<br>કાનન - દિપલ<br>ધરા - દેવેન |

**સ્વ. મોહનલાલ મુલચંદ ગાંધી સમસ્ત પરિવાર (મોટેરા)**

B-201, નંદધામ, એલ. ટી. રોડ, બોરીવલી (W.) મુંબઈ - 400092.

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset , Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL, Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI